દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૦ જૂન, ૨૦૨૬

# ભારતનો પ્રજનન દર ઘટ્યો, પણ હાલની ફાટફાટ વસ્તી જ એક મોટી સમસ્યા છે

ભારતની વસ્તી ૧.૪૭ અબજને વટાવી ગઈ છે, જે તેને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બનાવે છે અને હજી ભારતની વસ્તી વધી રહી છે પરંતુ હાલમાં એવા આંકડા બહાર આવ્યા છે કે ભારતની વસ્તી હાલ ભલે વધી રહી હોય પરંતુ જ્યારે તેનો કુલ પ્રજનન દર (TFR) ઘટીને સ્ત્રી દીઠ ૧.૯ બાળકો થઈ ગયો છે. આ દર ૨.૧ ના રિપ્લેસમેન્ટ બેન્ચમાર્ક (વસ્તી સ્થિર રાખવા માટે જરૂરી દર) કરતા નીચે આવી ગયો છે, જેનો અર્થ એ છે કે સરેરાશ સ્ત્રી સમય જતાં વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી બાળકો કરતાં ઓછા બાળકોને જન્મ આપી રહી છે. આ દર જો કે દેશનો કુલ સરેરાશ દર છે અને જુદા જુદા રાજ્યોમાં આ દર જુદો જુદો છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન જેવા એકંદરે પછાત રાજ્યોમાં આ દર હજી પણ ઉંચો છે જ્યારે વધુ શિક્ષીત વસ્તી ધરાવતા, ખાસ કરીને દક્ષિણના રાજ્યોમાં આ દર નીચો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નેજા હેઠળ આવતી રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા 'સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ(SRS) સ્ટેટિસ્ટિકલ રિપોર્ટ 2024' અનુસાર, ભારતનો કુલ પ્રજનન દર દેશના ઇતિહાસમાં પહેલીવાર રિપ્લેસમેન્ટ થ્રેશોલ્ડ રેટ (વસ્તી સ્થિર રાખવા માટે જરૂરી દર) કરતા નીચે આવી ગયો છે. આ દર ૨.૧ હોવો જોઇએ તેને બદલે ૧.૯ થઇ ગયો છે. કુલ પ્રજનન દર, જે એક મહિલા તેના જીવનકાળ દરમિયાન સરેરાશ કેટલા બાળકોને જન્મ આપશે તેનું માપદંડ છે, તે હવે લાંબા ગાળે વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી સ્તર કરતાં ઓછો થઈ ગયો છે. વર્ષ 1950માં ભારતની વસ્તી 36 કરોડ હતી, ત્યારે એક સરેરાશ મહિલા છ બાળકોને જન્મ આપતી હતી. આજે દેશની વસ્તી 1.45 અબજ કરતા વધુ છે. વર્ષ 2023માં ભારત ચીનને પછાડીને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો હતો અને વસ્તી સતત વધી રહી છે. જો કે, સરકારી અહેવાલ મુજબ ભારતનો કુલ પ્રજનન દર (TFR) ઘટ્યો છે. નોંધનીય છે કે રાષ્ટ્રીય TFR હવે 2.1 ના રિપ્લેસમેન્ટ બેન્ચમાર્કથી નીચે આવી ગયો છે. આમ છતાં આગામી કેટલાક વર્ષો સુધી વસ્તીમાં વધારો ચાલુ રહેવાની ધારણા છે. અને હાલની ફાટફાટ વસ્તી જ સમસ્યાઓ સર્જી રહી છે ત્યારે વસ્તી વધવાથી સમસ્યાઓ વધવાની સંભાવના સ્વાભાવિક છે. એક અગ્રણી અખબારના અહેવાલમાં જણાવાયું છે કે, પ્રજનન દરમાં હજુ પણ ઘટાડો ચાલુ રહેવાની સંભાવના વધુ છે, જે વસ્તી ઘટાડાની પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે. વસ્તીની બાબતમાં રિપ્લેસમેન્ટ લેવલ એક પેઢીથી બીજી પેઢી બદલાય ત્યારે વસ્તી સ્થિર રહેવાનો દર છે. એ એવો સરેરાશ આંકડો છે જે એક પેઢીમાંથી બીજી પેઢીમાં વસ્તી વધ્યા કે ઘટ્યા વિના સ્થિર રાખવા માટે



દરેક મહિલા ધરાવતી હોય તે જરૂરી છે. જો પ્રજનન દર લાંબા સમય સુધી આ સ્તરથી નીચે રહે છે, તો વસ્તી વૃદ્ધિ ધીમે ધીમે ધીમી પડી જાય છે.

રાષ્ટ્રીય આંકડા ભલે વસ્તી વૃદ્ધિ ધીમી પડી હોવા તરફ ઈશારો કરતા હોય, પરંતુ સરકારી અહેવાલ વિવિધ રાજ્યો વચ્ચે મોટો તફાવત દર્શાવે છે. બિહાર દેશમાં 2.9 ના સ્તર સાથે સૌથી વધુ પ્રજનન દર ધરાવતું રાજ્ય રહ્યું છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ (2.6), મધ્ય પ્રદેશ (2.4) અને રાજસ્થાન (2.3) નો નંબર આવે છે. વસ્તી સ્થિર રાખવાના સ્તરથી વધુ પ્રજનન દર ધરાવતા આ મોટા રાજ્યો છે. બીજી તરફ, દિલ્હીમાં દેશનો સૌથી ઓછો 1.2 TFR નોંધાયો છે, જે ફિનલેન્ડના 1.3 કરતા પણ ઓછો છે. દક્ષિણ અને પશ્ચિમના કેટલાક રાજ્યોમાં પણ પ્રજનન દર નીચો રહ્યો છે. તમિલનાડુ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં TFR 1.3 નોંધાયો છે. આંધ્રપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર અને પંજાબમાં તે 1.4 રહ્યો છે. રાજ્યોમાં વસ્તીનો વૃદ્ધિ દર ધીમો પડી ગયો છે કે ઘટી ગયો છે પરંતુ હાલ તળ વાસ્તવિકતા જોઇએ તો દેશ હજી પણ વસ્તી વધારાને કારણે જન્મતી સમસ્યાઓથી પીડાઇ રહ્યો છે. દેશમાં અત્યારે જ જે વસ્તી છે તે ફાટ ફાટ કહી શકાય તેવી છે. દેશની જમીન અને સંસાધનોના પ્રમાણમાં તેની વસ્તી ખૂબ વધી ગઇ છે. ચીનમાં વિશ્વની સૌથી વધુ વસ્તી હતી ત્યારે પણ તેની સરેરાશ વસ્તી ગીચતા ઓછી હતી કારણ કે તેની પાસે ભારત કરતા ઘણો વિશાળ જમીન વિસ્તાર છે. ભારતમાં જમીનની કિંમતો અને રહેઠાણની કિંમતો જે હદે વધી છે અને અન્ય કેટલાક સ્ત્રોતોની તંગી અનુભવાય છે તે બેફામ વસ્તીને કારણે જ છે, તેથી વસ્તી ઘટે તે ઇચ્છનીય જણાય છે. આમાં યુવા વસ્તીના ઘટતા પ્રમાણની અને વૃદ્ધ વસ્તીના વધતા પ્રમાણનો પણ પ્રશ્ન આવે છે પરંતુ વધતા યંત્રો અને ટેકનોલોજીને કારણે તે હાલની સમસ્યાઓ કરતા સહેલાઇથી હાથ ધરી શકાય તેવી બાબત છે. આથી હાલ તો વધતી વસ્તીને રોકવા પર ધ્યાન આપવામાં આવે તે જ ઇચ્છનીય જણાય છે.

# એ.આઈ. ના સાર્વત્રિક સ્વીકારને ન્યાયિક વ્યવસ્થા માટે અમલમાં લાવી લોકશાહી બચાવીએ

ગુજરાતના મહીસાગર જિલ્લામાં બે પરિવારોની પેઢી-દરપેઢી અદાવતમાં ખેતરમાં હત્યાના ગુનાસર ખૂનીને ૧૦ વર્ષની સજા મળી. પરંતુ ૭ વર્ષે ખબર મળ્યા કે એફ.આર.આઈ. રજીસ્ટર મુજબ મારી નાખવામાં આવેલ માણસ તો જીવિત છે. આથી પોલીસ નોંધની ભૂલ જાણી હાઈકોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો અને વિભાગે માનવીય ભૂલ જાણી ફાઈલ બંધ કરી દીધી.

પ્રવર્તમાન કાયદા અને ન્યાયની દુઃખદ સ્થિતિ અંગે સુરતના લીટરેચર ફેસ્ટીવલમાં સુપ્રિમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ શ્રી રંજન ગોગોઈએ શહેરના વકીલો સમક્ષ જણાવ્યું કે દેશની વિવિધ અદાલતોમાં ક્રીમીનલ ટ્રાયલ ૩ થી ૪ વર્ષનો સમય લે છે તે સ્થિતિમાં અલગ-અલગ કોર્ટમાં આજે ૫ કરોડ કેઈસ પેંડિંગ છે. ૪૫ કરોડ નાગરિકોના કેઈસ લીટીગેશનમાં છે. દુઃખદ સ્થિતિ એ છે કે સી.જે. આઈ. સમક્ષ ગત ૧૦ વર્ષમાં સુપ્રિમ કોર્ટ અને હાઈ કોર્ટના ૮૬૩૯ જજો સામે ફરિયાદ દાખલ કરવી પડી છે. માત્ર વર્ષ ૨૦૨૪માં ન્યાયિક વ્યવસ્થા વિરુદ્ધ ૧૧૭૦ ફરિયાદો સુપ્રિમ કોર્ટમાં તપાસાધીન પડી છે.

સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજે બંધારણીય સંસ્થા માટે અતિ મહત્ત્વના પદ માટેની નિમણૂક પ્રક્રિયા અંગે ખુલ્લી નારાજગી દર્શાવતાં કહ્યું કે, સારા નિબંધો અને ચપોચપ અંગ્રેજીમાં ગોખી રાખેલ માહિતી ઠાલવી દેતાં યુવાનો જજ તરીકે પસંદ થાય તેવું ધોરણ હોતા દેશની ૧૪૦ અબજની વસ્તી માટે માત્ર ૨૪ હજાર ન્યાયાધીશો કાર્યાન્વિત છે પરિણામે અનેક કિસ્સાઓમાં માણસ મૃત્યુ પામે, તેનો પરિવાર બરબાદ થઈ જાય પછી કોર્ટ વ્યક્તિને નિર્દોષ જાહેર કરે છે. શ્રી રંજન ગોગોઈએ જણાવ્યું કે ન્યાયની અપેક્ષા એ કાચા કામના કેદી તરીકે સજા ભોગવતા નાગરિકોની વ્યવસ્થા માટે દેશની જેલોનો કુલ ખર્ચ એક રાજયના સંચાલન બરાબર પહોંચ્યો છે. દેશની બંધારણીય વ્યવસ્થામાં સ્વાયત્ત દરજ્જો ધરાવતી ન્યાયવ્યવસ્થામાં વ્યાપેલા ભ્રષ્ટાચારને લોકશાહી પ્રક્રિયાની ખામી તરીકે સ્વીકાર કરતા સપ્રિમ કોર્ટના વરિષ્ઠ વકીલ શ્રી સુબ્રમન્યમ સ્વામીએ ટી.વી. ઈન્ટરવ્યુમાં કહેવું પડયું કે દેશમાં ૧૦ લાખની માનવવસ્તીએ ૫૦ જજ હોવા જોઈએ તેના સ્થાને ૨૮ હોવાથી આજે "નાગરિકોને ન્યાય મળતો નથી ખરીદવો પડે છે.'

ગુલામી કાળમાં અંગ્રેજો દ્વારા મૂકવામાં આવેલી ન્યાયિક વ્યવસ્થાઓ આજે અમૃત કાળે મહદ્ અંશે જેમની તેમ છે અને વ્યકિતસ્વાતંત્ર્ય માટે રાજયવ્યવસ્થાનું સ્વપ્ન આમ નાગરિકો માટે દુર્લભ છે ત્યારે મર્યાદિત સમય સાથે ચાલતી, વેકેશન માણતી કોર્ટ વ્યવસ્થા પુનઃ વિચારણા આધીન બની રહે છે.

ન્યાયની દેવી કોઈ પણ પ્રભાવથી અંજાયા વિના હાથ પરના ત્રાજવામાં માત્ર સત્ય હકીકતોથી ન્યાય તોળે છે તેવી ગ્રીક માન્યતાના સ્થાને ૨૧ મી સદીમાં ગુજરાતમાં સાબરમતી એકસપ્રેસ અને યુરોપમાં ક્રિસમસ ક્રાઈમના અભ્યાસો દર્શાવે છે કે અખબારો અને ટેલીવિઝન જૂથની પૂર્વ નિર્ધારિત ભૂમિકા ન્યાયિક પ્રક્રિયાને ભ્રમિત કરવા સક્ષમ હોય છે. આથી જ તો ૨૭ વર્ષ જેલવાસ વેઠી ખુલ્લી હવામાં પ્રથમ પગલું મૂક્તાં જ નેન્સન મંડેલાએ કહેવું પડયું કે 'ન્યાયનો આધાર સત્ય રહેશે તો જ માનવજાત શાંતિને પામશે.''

સીંગાપોર યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ લો ની ઈમારત ઉપર લખાણ છે "શુભ તમને શક્તિશાળી લાગી શકે છે પણ અશુભ પોતાના સંખ્યા બળથી તેને પછાડે છે.' સમાજશાસ્ત્રી ચેનોવેથ નોંધે છે ''કોઈ શાસન વ્યવસ્થા બહુમતીનો સામનો કરી શકે નહીં.' ભારતીય બંધારણના મથાળે તો લખાય છે "સત્યમેવ જયતે' પરંતુ જગતના ઈતિહાસના અભ્યાસુ પ્રાધ્યાપક રીચાર્ડ કાર્ટીસના મતે 'ઈતિહાસ જનતાના સામુહિક મંતવ્યને સત્ય તરીકે સ્થાન આપે છે.'

ન્યાયપ્રક્રિયાના કેન્દ્રમાં મનુષ્ય છે અને માણસની વિવેકશક્તિનો આધાર માનવમસ્તિષ્ક છે. આથી કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિને સમજવા માટે બેઠેલ જજ પણ અંતે પોતાના કાનથી સંભળાયેલ, આંખોથી જોયેલ પુરાવાના તર્કને મસ્તિષ્કના અગ્ર ભાગે પ્રિકંટ કેરટેક્સથી સ્વીકારે છે. પરંતુ તર્કનું સંકલન મસ્તિષ્કના પાછળના કોરટેકસ હિસ્સામાં જ થાય છે. આથી સમગ્ર પ્રક્રિયા વ્યક્તિના ઉછેર, સંસ્કાર, તાલીમ અને પૂર્વાપર ખ્યાલોથી અલિપ્ત રહી શક્તી નથી. વર્તન વિજ્ઞાની લેવિસ બી સ્મેડ્સ તો ત્યાં સુધી કહે છે કે "ન્યાય વ્યક્તિની વિવેકશીલતા અને ધૈર્યનું ધુંધળું ચિત્ર છે.'

## અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**આથી જ તો ૨૭ વર્ષ જેલવાસ વેઠી ખુલ્લી હવામાં પ્રથમ પગલું મૂક્તાં જ નેન્સન મંડેલાએ કહેવું પડયું કે 'ન્યાયનો આધાર સત્ય રહેશે તો જ માનવજાત શાંતિને પામશે**

વર્ચ્યુઅલ વિશ્વની ૨૧ મી સદીમાં તો ન્યાયની દેવીના ત્રાજવામાં સત્ય હકીક્તથી ઘણું વધારે ઉમેરણ મીડિયા દ્વારા થતું રહે છે ત્યારે પ્રવર્તમાન ન્યાયપ્રક્રિયાની મર્યાદાઓનો સ્વીકાર લોકશાહીમાં અનિવાર્ય બનતો જાય છે. રશિયન સુપ્રિમો મારીશ કોન્તીકોવ તો ડંકાની ચોટ પર કહે છે " જુબાની ઉપર વિશ્વાસ કરવાના વૈભવની કિંમત નિર્દોષ અને મૌન રહેનાર લાચારોને ચુકવવી પડે છે.'

અહીં નોર્વેનાં જંગલોમાં ઓસલોથી ૬૦ માઈલ દૂર દક્ષિણમાં દુનિયાની એ.આઈ. સંચાલિત ન્યાય અને જેલવ્યવસ્થા આશાનો સંચાર લઈ ઊગી નીકળે છે. રોબોટીક ન્યાય અને સી.સી. કેમેરાની વ્યવસ્થાના આધારે ગુનેગારના ખરાબ આચરણ ઉપર રોક લગાવવાનો નહીં પરંતુ ખરાબ ઈરાદાઓ પર રોક લગાવવાનો પ્રયત્ન આશાસ્પદ બન્યો છે. બેસ્ટોયના અધ્યક્ષ ઈબાહાર્ટ જણાવે છે 'એ. આઈ. ગુનેગારને જૈવિક એકેન તરીકે જુએ છે. આથી વ્યકિતનું વર્તન મનુષ્યત્વ આસપાસ જકડાઈ રહે છે.'

૨૦૧૮માં અમેરિકા અને નોર્વેના અર્થશાસ્ત્રીઓના મૂલ્યાંકન અનુસાર ૪૦ ટકા ઓછી ખર્ચાળ એ.આઈ.થી જળવાતી ન્યાયિક વ્યવસ્થામાંથી પસાર થતાં નાગરિકોના જીવનમાં અસાધારણ પરિવર્તન આવ્યું છે. દુનિયાની તમામ જેલોમાં ગુનેગારોના પરત ફરવાના ૬૦%ના રેકોર્ડથી વિરુધ્ધ નોર્વેની જેલોમાં માત્ર ૧૬ ટકા કેદીઓ ફરી ગુનો આચરી ન્યાયિક વ્યવસ્થાના ખર્ચમાં બે ગણો ઘટાડો કરનાર સાબિત થયા છે. રાષ્ટ્રપતિ લીંડન બી જોન્સનની અધ્યક્ષતામાં ગઠિત અપરાધ વિજ્ઞાનીઓ, નિવૃત્ત જજ અને જેલરોની કમિટીએ સોંપેલ અહેવાલમાં પોલીસ એફ.આર. આઈ.થી લઈ જેલ સુધીની વ્યવસ્થા પ્રત્યે પારંપારિક અભિગમ છોડવા ભલામણ છે. અહેવાલ જણાવે છે કે" પ્રવર્તમાન ન્યાય અને દંડવ્યવસ્થામાં વ્યક્તિને સામાન્ય બનાવવાની સંભાવનાઓ ઘણી ઓછી છે. હવે આમૂલ સુધારાનો સમય આવી ગયો છે. સળિયા કોઠરી અને અંતહીન ગલિયારાઓ હવે ખતમ કરવા પડશે. '

વિશ્વમાં લોકશાહીનું માળખું વધારે અને વધારે સ્વીકૃત કરવા માટે પણ ન્યાયિક વ્યવસ્થામાં વધુ મોકળાશ અને માનવમૂલ્યો તરફનો ઝુકાવ વધારવો પડશે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન એ પોતાના નિવૃત્ત નિવેદનમાં ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે "લોકશાહીને અમીરોથી બચાવવી પડશે.' જનમત ઉપર વધતા જતા મની, મસલ્સ પાવર અને રાજકીય દબાણને સંયમિત રાખવાની માસ્ટર કી ન્યાયિક પ્રક્રિયા છે. પરંતુ તેનું પારંપારિક સંકલન બદલવા પૂર્વ ચુકાદાઓનાં પુસ્તકો અને જજોની માન્યતાઓથી બહાર નીકળી રોબેટીક એ.આઈ. તરફ જવું જ રહ્યું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## મનની એ અવસ્થા

એક સ્ત્રીને દરિયા કિનારે રેતીમાં ચમકતું કંઈક દેખાયું અને તેને પાસે જઈને જોયું તો એક સામાન્ય કરતા ઘણું મોટું ચમકતું મોતી હતું તેને તે મોતી હાથમાં લીધું.મોતીની સુંદરતા અને ચમક જોઇને તેના મુખ પર એક ખુશીને ચમક આવી ગઈ.આજુબાજુ ઘણા લોકોએ જોયું કે આ સ્ત્રીને કૈંક સરસ ચમકતું મળ્યું.બધા પાસે આવીને જોવા લાગ્યા.

સ્ત્રીના હાથનું સાચું ચમકતું મોતી જોઇને અમુક લોકો આજુબાજુ શોધવા લાગ્યા જાણે તેમને પણ કોઈ મોતી મળી જાય, અમુક લોકો બોલ્યા તમે નસીબદાર છો અને આગળ વધી ગયા.એક જાણકારે જોયું કે આતો બહુ મુલ્યવાન અને ભાગ્યેજ મળે તેવું મોતી છે જેની કિંમત લાખોમાં હશે. તે સ્ત્રીની નજીક ગયો અને મોતીને નજીકથી જોઇને ખાતરી કરી લીધી પછી તેને સ્ત્રીને પૂછ્યું, 'આ મોતીનું શું કરશો ??' સ્ત્રીએ કઈ જવાબ ન આપ્યો.પેલા માણસે કહ્યું, 'જો તમને કઈ કામનું ન હોય તો મને આ મોતી આપી દોહું તમને હજાર રૂપિયા આપીશ.' સ્ત્રી હસી અને બોલી, 'ઝવેરી બજારમાં જેની કિંમત લાખોમાં થાય તેવા મુલ્યવાન મોતીને સાવ પાણીના ભાવે ખરીદવા માંગો છો બહુ ચાલાક લાગો છો.' પેલો માણસ સમજી ગયો કે સ્ત્રી જાણકાર લાગે છે તેને તરત વાત બદલાતા કહ્યું, 'અરે તમને કેટલા પૈસા જોઈએ છે તે કહો તમે જે કિંમત કહેશો તે હું આપવા તૈયાર છું.' સ્ત્રી હસી અને બોલી, 'મને કઈ નથી જોઈતું, મારું નથી રેતી માંથી મળ્યું છે લો તમને જોઈએ છે તમે રાખો.'આટલું કહીને તેને મોટી પેલા માણસના હાથમાં આપી દીધું અને આગળ દરિયાકિનારાની ઠંડી હવાનો આનંદ લેતી ચાલવા લાગી. પેલો માણસ હતપ્રભ થઈ ગયો હાથમાં મોતી લઈને તે થોડી વાર ત્યાં જ ઉભો રહ્યો તેને વિશ્વાસ જ નહોતો થતો કે પેલી સ્ત્રી લાખોનું મોતી અજાણ્યા માણસને આપીને જતી રહી. થોડી વાર પછી કઈંક વિચાર આવતા તે દોડીને પેલી સ્ત્રી પાસે પહોંચી ગયો.સ્ત્રીએ કહ્યું, 'મને એક જ મોટી મળ્યું હતું તે તમને આપી દીધું હવે શું જોઈએ છે??' માણસ બોલ્યો, 'મને તમારા જેવી મનની અવસ્થા જોઈએ છે, તમારા જેવું દિલેર દિલ જોઈએ છે, તમારા જેવી હિંમત ,ધીરજ, સંતોષ, ત્યાગની ભાવના જોઈએ છે જે લાખોની કિંમતની વસ્તુ એક પળમાં બીજા સાવ અજાણ્યાને આપી દે.' સ્ત્રીએ કહ્યું, 'એ મારું હતું જ નહિ અને જે દિવસે તમારા મનની લાલચ દુર થી જશે ત્યારે આ બધું જ આપોઆપ મળી જશે.અત્યારેજ જો પ્રયોગ કરવો હોય તો આ મોતીની સાચી કિંમત જાણો છો તે મેળવી લો અને તેનાથી જેટલાને થાય એટલાને મદદ કરો તો જે મારી પાસેથી જોઈએ છે તેવી લોભ લાલચ વિનાની શાંતિ સભર મનની અવસ્થા આપોઆપ મળી જશે.' સ્ત્રી સાચો માર્ગ દેખાડી પોતાના માર્ગે આગળ વધી ગઈ.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# 'કોકરોચ જનતા પાર્ટી'નો ઉદય શું દર્શાવે છે?

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને પેપર લીક: અપમાનને પ્રતીક બનાવી રસ્તા પર ઊતરેલાં ભારતીય યુવાનો**

પરીક્ષાઓમાં ગેરરીતિઓનો વિરોધ કરવા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવા માટે ઓન લાઈન યુવા આંદોલન 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના આહ્વાન પર 6 જૂનના રોજ દિલ્હીના જંતરમંતર ખાતે સેંકડો લોકો એકઠાં થયાં હતાં.

આ વિરોધ પ્રદર્શન સીજેપીના સ્થાપક અભિજીત દીપકે દ્વારા બોલાવવામાં આવ્યું હતું. તેમણે ચેતવણી આપી હતી કે, જો પ્રધાન રાજીનામું નહીં આપે તો સમગ્ર ભારતમાં વિરોધ પ્રદર્શનો થશે. આ સ્થળ પર હાજર રહેલાં લોકોમાં લદ્દાખી કાર્યકર્તા સોનમ વાંગચુક પણ સામેલ હતા.

'સીજેપી'ની શરૂઆત ગયા મહિને એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તરીકે થઈ હતી. તેનું નામ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત દ્વારા કોર્ટમાં કરવામાં આવેલી એક ટિપ્પણીથી પ્રેરિત હતું, જેમાં તેમણે કેટલાંક યુવાનોની સરખામણી વંદા(કોકરોચ) સાથે કરી હતી. આ એકાઉન્ટ બ્લોક થાય તે પહેલાં જ ગણતરીના દિવસોમાં તેનાં લાખો ફોલોઅર્સ થઈ ગયાં હતાં.

આ વિરોધ પ્રદર્શન સીજેપી દ્વારા ઓનલાઈન ઝુંબેશને જમીની સ્તરે વાસ્તવિક એક્શનમાં બદલવાનો પ્રથમ પ્રયાસ દર્શાવે છે.

વિરોધ પ્રદર્શનના સ્થળની પસંદગી પણ પ્રતીકાત્મક છે. જંતરમંતર એ જ જગ્યા છે જ્યાં 2011માં તત્કાલીન અજાણ્યા સામાજિક કાર્યકર્તા અન્ના હઝારેએ ભ્રષ્ટાચાર સામે ઉપવાસ શરૂ કર્યા હતા. સીજેપીનો આ વિરોધ માત્ર વિરોધ પ્રદર્શનોની એક લાંબી શૃંખલાનો નવીનતમ હિસ્સો છે – નાની અને મોટી – જે છેલ્લા ત્રણ દાયકાથી ત્યાં થતી આવી છે.

વિદ્યાર્થીઓ અને તેમનાં પરિવારો માટે આ અઠવાડિયાં ખૂબ જ મુશ્કેલ રહ્યાં છે. ભારતમાં યુવાનોની વસતિ ખૂબ મોટી છે (65 ટકા વસતિ 35 વર્ષથી ઓછી ઉંમરની છે). ભારતમાં પ્રવેશ પરીક્ષાઓ અને બોર્ડની પરીક્ષાઓનું ખૂબ જ મહત્ત્વ છે. તેઓ શૈક્ષણિક તકો, કારકિર્દીની સંભાવનાઓ અને ઘણાં પરિવારો માટે વર્ષોની આશા અને બલિદાનનું પ્રતીક હોય છે.

જ્યારે આ પરીક્ષાઓની વિશ્વસનીયતા પર સવાલો ઊભા થાય છે ત્યારે ચિંતા અને આક્રોશ સ્વાભાવિક છે. આમ છતાં, બાંગ્લા દેશ અને નેપાળના 'ઝેડ જનરેશન' (નવી પેઢી)નાં વિરોધ પ્રદર્શનો સાથે આની સરખામણી કરવી અતિશયોક્તિભર્યું છે, જેણે સરકારોને ઉથલાવી દીધી હતી; કારણ કે, ભારત એક એવો વિવિધતાસભર દેશ છે જેને કોઈ એક મુદ્દા પર એકજૂથ કરવો ઘણો મુશ્કેલ છે, ભલે તે મુદ્દો યુવાનોનો જ કેમ ન હોય અને ભલે સીજેપીની આ અચાનક લોકપ્રિયતા ભારતના યુવાનોમાં વધી રહેલી બેચેનીની સૂચક હોય.

'કોકરોચ' વિરોધ પ્રદર્શનો ભારતનાં યુવાનોમાં વ્યાપક બેરોજગારી, પરીક્ષાનાં પેપર લીક થવાની ઘટનાઓ અને રાજકીય જવાબદારીના અભાવ અંગે વધી રહેલા ગુસ્સા અને અસંતોષની લહેર દર્શાવે છે. તે એક યુવા નેતૃત્વવાળા આંદોલનને રેખાંકિત કરે છે જેણે એક અપમાન શબ્દને વિરોધ અને રાજકીય અસંમતિના પ્રતીકમાં ફેરવી દીધું છે.

મોટા ભાગની એકજુથતા પરીક્ષાની અરાજકતા પર વધતા આક્રોશમાંથી ઉદ્ભવી છે. મોટા પાયે મેડિકલ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં પેપરો સૌથી વધુ બોલી લગાવનારને લીક કરવામાં આવ્યાં હતાં, જેના કારણે પરીક્ષાઓ રદ કરવાની ફરજ પડી હતી અને મર્યાદિત બેઠકો માટે સ્પર્ધા કરી રહેલાં લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમાયું હતું.

દીપકે કોણ છે? આમ આદમી પાર્ટી (આપ) ની કમ્યુનિકેશન વિંગમાં ત્રણ વર્ષ ગાળ્યા પછી (2023 સુધી), દીપકેએ યુએસમાં માસ્ટર્સ ડિગ્રી મેળવવાનું નક્કી કર્યું.

તેમનું કહેવું છે કે, સીજેપીની રચના કોઈ રાજકીય પક્ષ તરીકે કરવામાં આવી નથી. જો કે, ઘણાં લોકો માને છે કે, તેના ટૂંકા અસ્તિત્વમાં કોકરોચના પ્રતીકે ખરેખર દેશનાં યુવાનોની એ પીડાને સ્પર્શી છે જ્યાં તેઓ રોજગાર વિનાના ભવિષ્ય અને ભ્રષ્ટ શિક્ષણવ્યવસ્થાનો સામનો કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર શહેરી અને ગ્રામીણ બંને લોકો તરફથી પ્રતિભાવો જોવા મળે છે. પરંતુ શું સીજેપી આનાથી આગળ વધી શકશે?

2011નું અન્ના હઝારે આંદોલન, જેના કારણે 2012માં આપની સ્થાપના થઈ, તે એવા સમયે થયું હતું જ્યારે મનમોહન સિંહ સરકારે વિરોધ પ્રદર્શનોની મંજૂરી આપી હતી અને પ્રદર્શનકારીઓ સાથે સંવાદ કર્યો હતો. કેટલાંક લોકો દલીલ કરે છે કે, અત્યારના સમયમાં વિરોધ પ્રદર્શન માટે પરવાનગી મેળવવી મુશ્કેલ છે અને પ્રદર્શન કરવા માટેની નિયુક્ત જગ્યાઓ પણ ઓછી થઈ ગઈ છે. ભાજપના કેટલાક એવા વિવેચકો છે જેઓ કહે છે કે, મનમોહન સિંહના યુગથી વિપરીત, આજે સિસ્ટમ સામે મીડિયા કવરેજ બહુ ઓછું જોવા મળે છે. છતાં, સીજેપીને અચાનક મળેલો આ વેગ તમામ રાજકારણીઓને ચિંતામાં મૂકશે.

હા, ચોક્કસપણે, સીજેપી વિરુદ્ધ ઘણી બધી કાવતરાની થીયરીઓ પણ ચાલી રહી છે. કેટલાંક લોકો ભાજપ, આપ અને ડાબેરીઓ ત્રણેયનું સાથે મળીને કાવતરું હોવાનો દાવો કરે છે. વાસ્તવમાં, માત્ર ડાબેરી વિદ્યાર્થી સંગઠનોએ જ સીજેપીને સત્તાવાર રીતે ટેકો આપ્યો છે. યુથ કોંગ્રેસે આ વિરોધ પ્રદર્શનમાં જોડાવાનું આમંત્રણ સ્વીકાર્યું ન હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ત્રિવિધ અવસ્થા

વિશ્વમાં અનેક બાબતોમાં ત્રિવિધ અવસ્થા જોવાય છે. માનવજીવનની વાત કરીએ તો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાંથી પસાર થવું પડે છે. ભૂતકાળ છબી સમાન છે અને ભવિષ્યકાળ કલ્પનાવિહાર કરાવે છે, તો વચલો સમય વર્તમાનનો રહે છે અને તે જ સત્ય હોય છે. રાષ્ટ્રપિતા ગાંધીજીએ તો તેમના જીવનના એ સક્રિય વર્તમાનને ધ્યાનમાં રાખી આત્મકથાનું નામ પણ ''સત્યના પ્રયોગો'' પ્રયોજ્યું છે. જો કે સત્યનો વર્તમાનકાળ લાંબો ટૂંકો હોઈ શકે છે. જીવનના પણ ત્રણ તબક્કાઓ છે. બાળપણ, યૌવન અને ઘડપણ. દિવસ પણ ત્રણ તબક્કાઓનો હોય છે, સવાર, બપોર, સાંજ-રાત. ઋતુઓ પણ મુખ્યત્વે ત્રણ જોવાય છે. ઠંડી, ઉનાળો અને વર્ષા. જો કે તેમાંયે પૃથ્વી પરના જુદા જુદા ભૂમિખંડોમાં જુદા જુદા સમય અને જુદી જુદી અવસ્થા રહે છે. દેહવિસર્જન માટેય દુનિયામાં ત્રણ મુખ્ય પ્રકાર જોવાય છે. અગ્નિસંસ્કાર, ભૂમિદફન- દહન, અને આતશબહેરામની અંતિમ વિધિ, ત્રિવિધ અવસ્થાનો જ ઈતિહાસ નોંધાય.

**સુરત - યુસુફ એમ. ગુજરાતી**

## વસ્તીગણતરીનું અયોગ્ય દબાણ?

રાજ્ય સરકાર દ્વારા વસ્તીગણતરીનું ચાલુ કર્યું છે જેમાં યોગ્ય આયોજનના અભાવે 'મેન પાવર' માં મોટી અછત જોવા મળી રહી છે જેનાં વિપરીત પરિણામના રીએકશનમાં એસ.એમ.સી.માં સત્તાધીશો દ્વારા વિવિધ સરકારી-અર્ધસરકારી કર્મચારીઓ, બેંકનાં કર્મચારીઓ, શાળાનાં શિક્ષકો અને રેશનિંગધારકો પર વસ્તીગણતરી કરવાના અભિયાનમાં ફરજીયાત જોડાવાનું અયોગ્ય અને અનૈતિક દબાણ ઊભું કરે છે જે સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય છે. વસ્તીગણતરીનું અભિયાન શરૂ કરતાં પહેલાં જ 'એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ'માં વસ્તીગણતરી માટે વ્યકિતઓ જોઈએ છે એમ નોટીફીકેશન આપવું જોઈએ તેમજ આ અંગે વસ્તીગણતરી માટે વ્યકિતઓ છેલ્લા કેટલાક લાંબા સમયનો અભ્યાસ કરતાં જણાશે કે સુરત શહેરમાં ચોરી-લૂંટફાટ, અપહરણ, હત્યા અને રેપની ઘટનાઓ રાત્રીના સમય દરમ્યાન જ થતી હોય છે. આ અંગે રાજ્યના ઉપમુ. મંત્રી ગૃહપ્રધાન અને પોલીસ કમિશનરે સંકલન સાધીને સુરત શહેરની જનતાના હિતમાં રાત્રી પોલીસ પેટ્રોલિંગ કરવું અનિવાર્ય અને જરૂરી બન્યું છે. જેથી આખી ઘટનાઓ પર અંકુશ લાવી શકાય અને અમુક દાયકા પહેલાં શહેરમાં રાત્રી પેટ્રોલિંગ થતું જ હતું.

**સુરત - રાજુ રાવલ**

## શિક્ષણ વ્યવસ્થાની ગંભીર નિષ્ફળતા અંગે ચિંતા

દેશમાં સતત સામે આવી રહેલા પેપર લીકનાં કૌભાંડો લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે અન્યાય કરી રહ્યાં છે. ખાસ કરીને NEET પેપર લીક વિવાદ બાદ વિદ્યાર્થીઓ પર વધતા માનસિક દબાણ, નિરાશા અને આત્મહત્યાના બનાવોએ સમગ્ર દેશને ચિંતિત કર્યો છે. પરિવાર પોતાની આર્થિક ક્ષમતા કરતાં વધુ ખર્ચ કરીને બાળકોના ભવિષ્ય માટે આશાઓ બાંધે છે. પરંતુ જ્યારે પરીક્ષાઓની વિશ્વસનીયતા પર જ પ્રશ્નો ઊભા થાય છે, ત્યારે વિદ્યાર્થીઓની મહેનત, સમય અને સપનાંઓ પર પાણી ફરી વળે છે. ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ પણ રોજગારીના પૂરતા અવસર ઉપલબ્ધ નથી, બીજી તરફ મોંઘવારીના કારણે સામાન્ય પરિવારોનું જીવન વધુ મુશ્કેલ બનતું જાય છે. શિક્ષણ, રોજગાર અને જીવનનિર્વાહના વધતા ખર્ચ વચ્ચે યુવાનો અને તેમનાં પરિવારો ભારે આર્થિક તથા માનસિક સંઘર્ષનો સામનો કરી રહ્યાં છે. આ તમામ મુદ્દાઓને કારણે લોકોમાં અસંતોષ સતત વધી રહ્યો છે. જનતા એ પ્રશ્ન પૂછે છે કે જો પરીક્ષાઓ સુરક્ષિત નથી, રોજગાર ઉપલબ્ધ નથી અને જીવન વધુ મોંઘું બનતું જાય છે, તો દેશના યુવાનોનું ભવિષ્ય કેવી રીતે સુરક્ષિત રહેશે? અમે સરકાર, પરીક્ષા સંસ્થાઓ અને સંબંધિત સત્તાધીશોને અપીલ કરીએ છીએ કે પેપર લીક કૌભાંડો અંગે પારદર્શક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માટે અસરકારક સહાય વ્યવસ્થા ઊભી કરવામાં આવે, સાથે જ શિક્ષણ, રોજગાર અને મોંઘવારી જેવા મૂળભૂત પ્રશ્નોના સ્થાયી ઉકેલ માટે ગંભીર પ્રયાસો હાથ ધરવામાં આવે.

**સુરત - આશિષ ટેલર**

## ભગવતીકુમાર વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ આયોજીત ભગવતીકુમાર વ્યાખ્યાનમાળાને પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ ખુલ્લી મૂકી. વ્યાખ્યાનમાળા તેમના મૃત્યુ પહેલાં શરૂ થવી જોઈતી હતી. આઠ વર્ષ પછી મહાન તાપીપુત્ર, વકતા, લેખક, કવિ, નવલકથાકાર, ગઝલકાર, પત્રકારત્વ જેવા સાહિત્યના સ્વામીને ભૂલી જવું એ સુરતનાં સાહિત્યપરિજનો માટે શરમની વાત કહેવાય. પણ મોડે મોડે 'સાહિત્ય શિરોમણી' સાહિત્યજગતના સ્મરણને જાગૃત કર્યું. તે બદલ આ ઉત્તમ વિચાર અભિનંદનને પાત્ર છે. વ્યાખ્યાનમાળાની શરૂઆત ભગવતીકુમારનાં ભજન, ગીત, ગઝલો તેમજ પ્રભુ પ્રત્યેના અત્યંત ભક્તિ, પ્રેમને કારણે તેઓ ઊંડાણપૂર્વક લખી શકયા. સાહિત્યપ્રેમી, સંગીતપ્રેમીઓએ તેમના શબ્દોને પોતાના સ્વરાંકન દ્વારા મયૂર વાઘેલા, નિધિ ઈચ્છાપોરિયા જેવાં કલાકારોએ લોકહૃદયમાં સ્થાપિત કરી દીધા. મુખ્ય વકતાઓમાં ભગવતીકુમારના સાથી જયદેવ શુકલે સંસ્મરણો વાગોળ્યાં હતાં. મુકુલ ચોકસીએ ભગવતીકુમારના જીવનકવનને કાવ્યમાં ઢાળી રજૂઆત કરી. પરિષદ પ્રમુખે વ્યાખ્યાનમાળાને લોકભોગ્ય બનાવવા અનેક સૂચનો કર્યાં હતાં. શરીફાબહેન વીજળીવાળા સાચા અર્થમાં વ્યાખ્યાનમાળાનાં મુખ્ય વકતા હતાં. ભગવતીકુમારની નવલકથા અને વાર્તાઓને મૂળથી પકડી તેના વૈવિધ્યને પોતાની ભાષામાં વર્ણવી શ્રોતાઓને સ્તબ્ધ કરી દીધાં હતાં. કપિલદેવ શુકલે સરળ ભાષામાં વ્યાખ્યાનમાળાનું સંચાલન કરી વ્યાખ્યાનમાળાને અંત સુધી વહેતી રાખી વકતાઓની 'વાહવાહ' મેળવી હતી.

**સુરત - ગોપાળ આર. પરમાર**

## 'બારાખડી'

થોડા સમય પહેલાં શીલાબહેન ભટ્ટનું 'પલાખા' વિષય પર જુની પેઢીના રીત રિવાજો, અભ્યાસપ્રથા પર પ્રકાશ પાડતું 'ગુજરાતમિત્ર'માં ચર્ચાપત્ર વાંચી એ પેઢીનું નવી પેઢીને જ્ઞાન કરાવ્યું. અનુસંધાનમાં બારાખડી પણ બોલાવાતી. જેમાં ક ને કૈ ની ક. ક ને કાનો કા, ક્ષ સુધીના અક્ષરોને માત્રા સાથે મૌખિક બોલાવતી. ડોક્ટર નથી લખતા ડૉકટર લખીએ છીએ. એટલે આજે પણ ગુજરાતી મૂળાક્ષરો માત્રાઓથી શણગારાયેલા છે, વિવિધ અર્થસૂચક.

**- કુમુદભાઈ બક્ષી**

## ભૂલોનું પુનરાવર્તન ક્યાં સુધી?

રાજ્યમાં ચાલતા અનેકો ટ્યુશન ક્લાસિસ અને કોચિંગ સેન્ટરો જ્યારે નાના બાળકો તેમજ મોટા વિદ્યાર્થીઓની ટેસ્ટ લેવા માટે ટેસ્ટપેપરો તૈયાર કરે છે તેને દસવાર ચેક કરે છે. જોડણીની ભૂલો, પ્રશ્નમાં સ્પષ્ટતા, ઉત્તર અંગે સ્પષ્ટતા તેમજ અન્ય તમામ રીતે ચેક કરી લેવામાં આવે છે.જ્યારે રાજ્યમાં લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમ કે TET, TAT, PSI, કોન્સ્ટેબલ તેમજ અન્ય વર્ગ -૩ અને તે સિવાયની ઘણી બધી પરીક્ષાઓના પ્રશ્નપત્રોમાં દરવખતે આવી કોઈક ને કોઈક ભૂલનું પુનરાવર્તન થતું હોઈ છે. વિદ્યાર્થીઓના ઉત્તરના સંદર્ભે ભૂલ હોય તો ૦.૨૫ ગૂણ ભોગવવું પડે છે, જ્યારે પરીક્ષા વિભાગ પોતાના બચાવમાં વિદ્યાર્થીઓને ગ્રેસિંગ માર્ક, પ્રશ્નના બે સાચા ઉત્તર આપી સમાધાન લાવે છે આ કેટલું યોગ્ય? અને આવા જ અપવાદરૂપ પ્રશ્નોના કારણે પરિણામમાં વિલંબ થતો હોય છે. ત્યારે પ્રશ્ન થાય કે શું પરીક્ષા વિભાગો આદર્શ પ્રશ્નપત્ર (ભૂલ વિનાનું ) તૈયાર કરવામાં સક્ષમ નથી? આટલા વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવામાં આવી રહી છે તેમ છતાં આવી ભૂલોનું પુનરાવર્તન થતું હોય છે, આવું ક્યાં સુધી?

**તાપી - યોગેશકુમાર પટેલ**